# મોડાસામાં 'મેગી' હોળી કરાઈ

મોડાસા, તા. ૬

ભારત દેશના દિલ્હી, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, તામીલનાડુ, જેવા રાજ્યોમાં નેસ્લે કંપનીની મેગી નૂડલ્સમાંથી બિન આરોગ્યપ્રદ તત્વો હોવાના કારણે પ્રતિબંધ જાહેર કર્યો છે. ત્યારે ગુજરાત સરકારે પણ હવે મોડે મોડે મેગીના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં નેસ્લે કંપનીની મેગી નુડલ્સ દ્વારા હાનિકારક તત્વોનો ઉપયોગ કરાતો હોવાના રોષથી મેગીની હોળી કરવામાં આવી હતી.

નેસ્લે કંપનીની મેગી નુડલ્સના વેચાણ પર પ્રતિબંધ લગાવી દીધો છે. નેસ્લે કંપની દ્વારા ભારતીય લોકોની જીંદગી જોડે ખીલવાડ કરી ફૂડ એન્ડ ડ્રગના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી ખાદ્યચીજોમાં ૨.૫ પીપીએમ (પાર્ટસ પર મીલીયન)ના બદલે મેગીમાં સ્વાદનો ચટકો ઉમેરવા નેસ્લે કંપની દ્વારા મેગી નુડલ્સમાં સીસા (લેડનું) પ્રમાણ ૨.૮ પીપીએમથી ૫ પીપીએમ મળી આવ્યું હતું. મોનોસોડિયમ ગ્લુટામેટની હાજરી પણ જોવા મળી હતી. જે માનવ શરીર માટે જોખમકારક પુરવાર નિવડતુ હોવાથી તેના વેચાણ પર પ્રતિબંધ લાદી દીધો છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના માલપુર રોડ પર સાઈબાબા મંદિરની સામે આજે સાંજના ૫ ના સુમારે મોડાસા શહેરના યુવાનો અને ભુલકાઓ નેસ્લે કંપની અને મેગી નુડલ્સના વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી મેગી નુડલ્સ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ મેગી નુડલ્સના પાઉચ એકઠા કરી મેગીની હોળી કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

અરવલ્લી જિલ્લાના નગરપાલિકાના ફૂડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓ દ્વારા મોડાસા શહેરના નેસ્લેના હોલસેલ વેપારીની મુલાકાત કરી મોડાસા શહેર અને આજુબાજુના વિસ્તારોમાં બજારમાં રહેલો મેગી નુડલ્સનો માલ પરત ખેંચી લેવા તાકીદ કરવામાં આવી હતી. મોડાસા શહેરમાં અંદાજે ૫૦ હજારથી વધારેનો મેગી નુડલ્સનો માલ મોડાસા શહેરના બજારોમાં હોવાની માહિતી આધારભુત સૂત્રો દ્વારા જાણવા મળી હતી.

## મેગી નુડલ્સ પર પ્રતિબંધને પગલે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે અરવલ્લી જિલ્લામાં ચેકીંગ હાથ ધર્યુ

### કંપનીએ તમામ છુટક વિક્રેતાઓ પાસેથી માલ પાછો ખેંચવા સુચના આપી છે : ડીલર

મોડાસા, તા. ૬

નેસ્લે કંપનીની મેગી નુડલ્સમાં જોખમકારક બીન આરોગ્યપ્રદ તત્વો હોવાના કારણે ગુજરાતમાં મોડે મોડે એક મહિનાનો પ્રતિબંધ ફરમાવાયો છે. મેગી નુડલ્સના વેચાણ અને વપરાશ ઉપરના પ્રતિબંધને પગલે જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે મોડાસા, ભિલોડા, બાયડ અને ધનસુરાના સ્ટોકીસ્ટની પેઢીઓ ઉપર તપાસ હાથ ધરી હતી.



મેગી નુડલ્સમાં લેડ (સીસુ) અને એમએસજીનું પ્રમાણ વધારે માત્રામાં હોવાના પરીક્ષણ બાદ રાજ્ય સરકાર આ મેગી નુડલ્સના વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ લાદ્યો છે. પરંતુ જ્યારે આ પ્રોડેક્ટમાં અજીનો મોટો (મોનોસોડીયમ ગ્લુટામેટ) અને સીસાનું પ્રમાણ વધુ હોવાના અગાઉના અહેવાલોના પગલે જ જિલ્લામાં વપરાશ ઘટતાં ડીલરોએ ખરીદી ઘટાડી હોવાનું મોડાસા ખાતેના ડીલર સલીમભાઈ દાદુએ જણાવ્યું હતું. નેસ્લે કંપનીની મેગી નુડલ્સના સ્ટોકીસ્ટ સલીમભાઈના જણાવ્યા મુજબ રાજ્ય સરકારના પ્રતિબંધના પગલે માર્કેટમાંથી મેગી નુડલ્સનો જે કોઈ માલ વધ્યો હોય તે પરત ખેંચી લેવા કંપનીએ સુચના આપી છે. જ્યારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આ પ્રતિબંધિત માલ રી-કોલ કરવા આદેશ કરાયો છે. વેપારીએ વધુમાં જણાવ્યું હતું કે અરવલ્લી જિલ્લાના તમામ સ્ટોકીસ્ટ અમદાવાદના સુપર ડીલર પાર્થ સેલ્સ એજન્સીમાંથી માલ ખરીદે છે. માસિક રૂપિયા દોઢ લાખની મેગી નુડલ્સનું ટર્ન ઓવર કરતા આ સ્ટોકીસ્ટના જણાવ્યા મુજબ ગ્રાહકો અને વેપારીઓ અગાઉથી જ આ મુદ્દે સાવધાન હોઈ હાલ છુટક બજારમાં માત્ર ૫૦ હજારનો માલ હશે જે કંપનીના આદેશ મુજબ એક જ સ્થળે કલેક્ટ કરી તેના ઉપર નોટ ફોર સેલનું લેબલ લગાવાશે અને તમામ છુટક વેપારીઓ પાસેથી કલેક્ટ કરાયેલ આ જથ્થો કંપનીના બીજા આદેશ સુધી સાચવી બીજી સુચના મુજબ નીકાલ કરાશે. જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે મોડાસા સહિત જિલ્લાના અન્ય સ્ટોકીસ્ટો પાસેના જથ્થાની નોંધ કરી આ પ્રતિબંધિત માલના યોગ્ય નીકાલ માટે કેટલોક સમય પુરો પાડ્યો હોવાની ચર્ચાએ આશ્ચર્ય સર્જ્યુ હતુ.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## જૂના રસુલપુર ગામે કન્ટેનરની ટક્કરે મંદિર ધરાશાયી

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે આઠ જૂના રસુલપુર કાલીકા માતા મંદિરથી થોડાક જ આગળ પરોઢના સમયે હિંમતનગર બાજુથી અમદાવાદ જતા કન્ટેનરના ડ્રાઈવરથી ગફલતથી રોડ પાસેનું સધીમાતાનું મંદિર ઘુમ્મટ જમીનદોસ્ત થઈ ગયું હતું.જો કે માતાજીના ફોટા, ત્રિશુલ, બેઠક હેમખેમ જ રહેતાં લોકોએ વહાલી માતાજીનો પાડ માન્યો હતો. પરંતુ નવાઈની વાત એ છે કે અકસ્માતની ઘટનામાં માતાજીની બેઠક તેમજ પ્રતિમાઓને કે જયોતને કોઈ જ અસર નહીં થતાં લોકો આ ઘટનાને ચમત્કાર ગણાવતા હતાં.

## બાલીસણા ગામે દિવાલ પડતા મહિલાનું મોત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામે ગુરૂવારના રોજ બપોરના સમયે એક મકાનની દિવાલ પડતા અંદર રહેલ મહિલાનું મોત નિપજ્યું હતું. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ હિંમતનગર સિવિલ હોસ્પિટલના ડૉ. એમ. એલ. પી. દર્શીના જણાવ્યા પ્રમાણે પ્રાંતિજના બાલીસણા ગામે રહેતા સુમીબેન કનુસિંહ ચૌહાણ ઉપર ઘરની દિવાલ પડતા તેમણે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થતાં ડૉક્ટરની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે ફરીયાદ લખી આગળની તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી આર.ટી.ઓ. કચેરી શોભાના ગાંઠીયા સમાન

## જિલ્લાના પ્રજાજનોને પાકા લાયસન્સ માટે હિંમતનગરના ધક્કા ખાવા પડે છે

મોડાસા, તા.૬

અરવલ્લી જિલ્લાનું સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજન થયા બાદ આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન કચેરી અને રજીસ્ટ્રેશન અંગે અનેક ચર્ચાઓ ચાલી હતી. ત્યારબાદ રાજય વાહન વ્યવહાર વિભાગે અરવલ્લી જિલ્લાના વડુમથક મોડાસા શહેર ખાતે એ.આર.ટી.ઓ. કચેરી શરુ કરવામાં આવી હતી. પરંતુ જિલ્લાના પ્રજાજનોને પાકા લાયસન્સ મેળવવા હિંમતનગરની એ.આર.ટી.ઓ ઓફિસના ધરમધક્કા ચાલુ રહે છે. અરવલ્લી જિલ્લાની એ.આર.ટી.ઓ. ઓફિસ શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં હાલ હંગામી ધોરણે મોડાસાના ગાજણ ટોલટેક્સ પ્લાજાની નજીક આવેલી ફાર્મસી કોલેજના ખાનગી મકાનમાં એઆરટીઓ કચેરી ફાળવી અલગથી ગ્રેડની ફાળવણી કરી અરવલ્લી જી.જે. ૩૧ નંબરની ફાળવણી કરી તમામ પ્રકારના વાહનોનું પાસીંગ શરુ કરી દેવામાં આવ્યું છે. પરંતુ વાહન લાયસન્સ મેળવવા હિંમતનગર સુધી પ્રજાજનોને દોડું પડે છે. મોડાસાની એઆરટીઓ કચેરીએ માત્ર વાહન હંકારવાના કાચા લાયસન્સ જ મળે છે. જયારે વાહન ચાલકને પાકુ લાયસન્સ મેળવવા હિંમતનગર જવું પડે છે. અરવલ્લી જિલ્લામાં નવી કચેરીની ફાળવણી થઈ કામગીરી પણ શરુ કરી દેવામાં આવી હોવા છતાં હિંમતનગરના ધક્કા યથાવત જ રહેતા અને વાહનો હંકારવાના ડ્રાઈવીંગ લાયસન્સ પાકા કઢાવવા દોડાદોડી કરી હિંમતનગર જવું પડતું હોવાથી જિલ્લાવાસીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લા એઆરટીઓ કચેરીના અકિરીઓ દ્વારા 'ટ્રેક' ન હોવાનું બહાનું બતાવી પાકા લાયસન્સ આપવામાં આવતા નથી જયારે ગુજરાત રાજયમાં કેટલાક જિલ્લામાં 'ટ્રેક'ની વ્યવસ્થા ન હોય ત્યાં 'મેન્યુઅલી' આ કામગીરી કરીને પણ પોતાના જિલ્લામાં પાકા ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવે છે. જયારે અરવલ્લી જિલ્લાના એઆરટીઓ કચેરી દ્વારા બહાનાબાજી કરી અરવલ્લી જિલ્લાના પ્રજાજનોને હિંમતનગર જવા મજબૂર કરાતા હોવાથી ન છૂટકે જિલ્લા વાસીઓને આંદોલન કરવા પડે તેવી શકયતાઓ રહેલી છે.

# નવલપુર ગામે પતિએ પત્નીની હત્યા કરી મૃતદેહ વાઘાની ઝાડીઓમાં ફેંકી દીધો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નવલપુર ગામના પતિએ જ તેની પત્નીની હત્યા કરી પત્નીના મૃતદેહને પ્રાંતિજ તાલુકાના ગેડ પાસે આવેલ વાઘા કોતરોમાં નાંખી દઈ સંબંધીને ઘરે જતો રહ્યો હતો. પરંતુ સબંધીને જાણ થતા સમગ્ર મામલાનો ભાંડો ફુટ્યો હતો.

હિંમતનગરના નવલપુર ગામના સલમાન ખાન મહેબુબભાઈ ધોગા કે જે બે દિવસ પહેલાં તેની પત્ની સાથે બહાર ફરવા નીકળ્યો હતો અને તેને તેની પ્તનીને પ્રાંતિજ તાલુકાના ગેડ પાસે લઈ ગયો હતો અને ત્યાં જશવંતસિંહ રાઠોડના ખેતર પાસે આવેલ કોતરોમાં પત્નીની હત્યા કરી નાંખી દીધી હતી અને ત્યારબાદ તે તેના સંબંધીના ઘરે જતો રહ્યો હતો. ત્યાં જઈને તેણે કહ્યું કે હું મારી પત્નીનું ખૂન કરીને આવ્યો છું અને હું અહી છું તમે કોઈને જાણ કરશો તો તમારા બાળકોને પણ મારી નાખીશ.

જ્યારે સંબંધી દ્વારા ખાનગીમાં મૃતક યુવતીના પરિવારને જાણ કરતા યુવતીના પરિવાર દ્વારા પોલીસને જાણ કરાતાં હત્યા સ્થળ પ્રાંતિજ તાલુકાની હદ લાગતાં પ્રાંતિજ પોલીસે તેને સંબંધીને ત્યાંથી પકડી પાડ્યો હતો અને પુછપરછ બાદ આરોપીએ પોતાની પત્નીની હત્યાની કબુલાત કરી હતી.

જ્યારે વધુ પુછપરછ બાદ હત્યારા પતિએ હત્યા કરીને પ્રાંતિજ તાલુકાના ગેડ પાસે આવેલ ખેતરની બાજુમાં કોતરોની ઝાડીમાં પત્નીનો મૃતદેહ નાખી દિધો હતો તેવી કબુલાત કરતાં પ્રાંતિજ પોલીસે સ્થળ ઉપર જઈ મૃતદેહનો કબજો મેળવી આગળની તપાસ હાથ ધરી હતી. ત્યારે એક વર્ષ પહેલા લગ્ન કરેલ ૨૨ વર્ષની પત્ની નસરીનબાનુની હત્યા પાછળ શું કારણ છે તેની પોલીસ દ્વારા આરોપીની વધુ પૂછપરછ કરતાં માત્ર ગમતી ના હોવાનું આરોપીએ કબુલાત કરી હોવાનું જાણવા મળ્યું હતું.

# માલપુરના કાંસવાડાના ગ્રામજનોના પીવાના પાણી માટે ફાંફા

મોડાસા, તા. ૬

ગુજરાતના વિકાસ અને ગતિશીલ ગુજરાતની જાહેરાતો કરતી ગુજરાત સરકારની જાહેરાતોથી તદ્દન વિભિન્ન પરિસ્થિતિ હજુ પણ રાજયના મોટાભાગના ગામડાઓમાં જોવા મળી રહી છે. ઉનાળામાં ગામડાના પ્રજાજનો પીવાના પાણી માટે ટળવળતા અને પીવાનું પાણી મેળવવા ભટકતા જોવા ઠેર ઠેર અંતરીયાળ ગામડોમાં મળતા હોય છે. અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના કાંસવાડાના લોકોને છેલ્લા કેટલાય વર્ષોથી પીવાના પાણી માટે ફાફા મારવા પડે છે. પરંતુ સરકારી તંત્ર કે રાજકારણીઓને પણ કાંસવાડા ગામની ઉપેક્ષા કરતા હોવાથી ગામના લોકોની હાલત કફોડી બની ગઈ છે.

માલપુરથી ફક્ત ૯ કિલોમીટર દૂર આવેલા કાંસવાડા ગામમાં પીવાના પાણીની સમસ્યા ગંભીર બની ગઈ છે. ઉનાળાના આખરી દિવસોમાં ગામની મહિલાઓ પીવાના પાણીના એક બેડા માટે બે થી ત્રણ કિલોમીટર સુધી ઉનાળાની કાળઝાળ ગરમીમાં ભટકવું પડે છે. કાંસવાડ ગામમાં પીવાના પાણી માટે કોઈજ વ્યવસ્થા નથી અને ગામમાં એક વોટરવર્ક્સ છે તે પણ નકામો સાબીત થઈ રહ્યો છે. વોટરવર્કસના કૂવાના તળ ઉંડે ગયા હોવાથી અને વોટર વર્કસની યોગ્ય જાળવણીના અભાવે તેમાંથી આવતા પાણીમાં અતિશય ડહોળુ અને દુર્ગંધ મારતુ હોવાથી રોગચાળાની શક્યતાના લીધે ગ્રામજનો ઉપયોગમાં લેતા નથી. જવાબદાર અધિકારીઓ અને પાણી પુરવઠા વિભાગમાં રજુઆત કરવા છતાં યોગ્ય પગલાં ન ભરતા ગ્રામજનોને પીવાના પાણી માટે ફાફા મારવા પડી રહ્યા છે. માલપુર તાલુકાના કાંસવાડા ગામે છેલ્લા કેટલાય વર્ષોથી પીવાના પાણીની સમસ્યા હલ ન થતાં આ સમસ્યાથી તંગ આવી કાંસવાડા ગામની મહિલાઓને ન છૂટકે માથે પાણીના બેડા લઈ પોતાની સમસ્યા સત્તાવાળાઓ સમક્ષ રજુ કરવા માટે માલપુર મામલતદાર તેમજ તાલુકા પંચાયત કચેરી જઈને પીવાના પાણીની સમસ્યા અંગે આવેદનપત્ર આપ્યા હતા.


(તસવીર : જય અમીન, મોડાસા)

# ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૬

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિધાને વૈશ્વિક વિરાસતમાં આમેજ કરી જે પ્રતિ વર્ષે ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. રાજ્ય સરકારે યોગ દિવસને વિરાટ અને વિસ્તૃત રીતે યોજવાનું નક્કી કરેલ છે.

મહેસાણા જિલ્લામાં યોજાનાર ૨૧ જૂને યોગ દિવસમાં ૫ લાખ શિબિરાર્થીઓ યોગ કરે તે પ્રકારનો લક્ષ્યાંક રખાયો છે. જેમાં જિલ્લા કક્ષાએ પાંચ, તાલુકા કક્ષાએ બે, નગરપાલિકા કક્ષાએ બે કાર્યક્રમો યોજવાનું નક્કી કરેલ છે. જિલ્લા કક્ષાએ કેન્દ્ર દિઠ ૧૦ હજાર, તાલુકા કક્ષાએ ૫ હજાર વ્યક્તિઓ યોગ દિવસમાં જોડાય તેવી વ્યવસ્થાનું આયોજન કરાઈ રહ્યું છે.

આ ઉપરાંત જિલ્લા તેમજ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સીડી દ્વારા બાયસેગના કાર્યક્રમ યોજાનાર છે. જિલ્લા કક્ષાએ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, પાલાવાસણા ઓ.એન.જી.સી. ગ્રાઉન્ડ ખાતે યોજવાનું નક્કી કરેલ છે. તાલુકા અને પાલીકા કક્ષાએ ઉંઝામાં જીમખાના મેદાન તથા ઉમિયા માતા પ્લોટ, મહેસાણામાં એરોડ્રામ અને ગણપત યુનિ. ખેરવા, વિસનગરમાં એમ.એન. કોલેજ તથા આદર્શ વિદ્યાલય, વિજાપુર આશા સેકન્ડરી સ્કૂલ તેમજ પિલવાઈ કોલેજ, કડી ખાતે કોલેજ કમ્પાઉન્ડ તથા નગરપાલિકા બગીચો તેમજ એસ.વી. કોલેજ, બેચરાજી, શંકલપુર મંદિર તથા ઉમિયા કેમ્પસ એસ.ટી. ગ્રાઉન્ડ, જોટાણા શ્રી રામ સર્વ વિદ્યાલય તથા મામલતદાર કચેરી ગ્રાઉન્ડ, ખેરાલું મ્યુનિસિપલ ગ્રાઉન્ડ તથા કોલેજ ગ્રાઉન્ડ, વડનગરમાં જવાહર નવોદય વિદ્યાલય તથા મ્યુનિસિપલ ગ્રાઉન્ડ અને સતલાસણા કોઠારી હાઈસ્કૂલ અને પ્રજાપતિ આર્ટસ કોલેજ સુચિત સ્થળ નક્કી કરાયા છે.

આ ઉપરાંત જિલ્લાની ખાનગી તેમજ સરકારી શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, અર્ધ સરકારી શૈક્ષણિક સંસ્થાઓ, પોલીટેકનીક કોલેજ, આઈ.ટી.આઈ. કોલેજ, એન.સી.સી., એન.એસ.એસ, એપીએમસી, રોટરી કલબો, આરએસએસ, ડોકટર એસોસિએશનો, જીઆઈડીસી જેવી સંસ્થાઓની ભાગીદાર બનાવાની છે.

કાર્યક્રમ અંતર્ગત પ્રશિક્ષકની પસંદગી અંગે નક્કી કરાઈ રહ્યું છે. આ ઉપરાંત ૭ જૂન-૨૦૧૫ થી ૧૪ જૂન ૨૦૧૫ સુધી યોગાભ્યાસની ટ્રેઈનીંગ પોર ટ્રેઈનર્સનું આયોજન થનાર છે. તેમજ ૧૫ થી ૨૦ જૂન જાહેર જનતાને તાલીમ આપવાનું આયોજન કરાઈ રહ્યું છે.

કાર્યક્રમ ૨૧ જૂનના રોજ યોજાનાર કાર્યક્રમમાં સવારે ૭ કલાકથી ૭.૩૩ કલાક સુધી યોગ પ્રોગ્રામ માટે નિર્દેશ રીલ રજુ કરાશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦